**હેલ્પલાઈન: ૧૦૪**

सत्यमेव जयते

**COVID–19 અખબારી યાદી ક્રમાંક: ૩૮૮**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

ગાંધીનગર.

*ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૧૮* *ઈ-મેલ: ssoidsp@gmail.com*

**તા.૩૧.૦૧.૨૦૨૧**

## ***આરોગ્ય વિભાગની અસરકારક કામગીરીના પરિણામે આજે રાજયમાં કોવિડ-૧૯ ના કારણે એકપણ મૃત્યુ નોંધાયેલ નથી.***

## ***કોરોનાના કેસમાં સતત ઘટાડો આજે ૩૧૬ કેસ નોંધાયા***

## ***આજથી કોરોના રસીકરણના બીજા તબકકાનો શુભઆરંભ***

## ***હેલ્થ કેર વર્કર સાથે ફ્રન્ટલાઇન વર્કરને રસીકરણ હેઠળ આવરી લેવાયા.***

## ***આજે એક દિવસમાં ૭૫૨ કેન્દ્રો ઉપર કુલ ૫૪,૮૨૫ વ્યકિતઓને રસી આપવામાં આવી.***

★★★★★

આજથી **કોરોના રસીકરણની સઘન ઝુંબેશ અને બીજા તબકકાનો આરંભ** કરવામાં આવ્યો. જેમાં આજે કુલ-૭૫૨ કેન્દ્રો ઉપર ૫૪,૮૨૫ વ્યકિતઓને કોરોનાની રસી આપવામાં આવી. અત્યાર સુધીમાં કુલ-૩,૦૦,૭૫૫ વ્યકિતઓનું રસીકરણ પુર્ણ થયુ. અત્યાર સુધીમાં રાજયમાં એકપણ વ્યકિતને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળેલ નથી.

આજ રોજ હેલ્થ કેર વર્કર સિવાય ફ્રન્ટલાઇન વર્કરોને પણ રસીકરણમાં આવરી લેવાયા. જેમાં રાજયમાં **૩ મ્યુનીસીપલ કમિશ્નર, ૧૯ કલેકટર, ૧૧ જિલ્લા વિકાસ અધિકારી અને ૨૩ સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ** દ્વારા રસી લેવામાં આવી.

રાજય સરકારના આરોગ્ય વિભાગની અસરકારક અને પરિણામલક્ષી કામગીરીના પરિણામે **આજે ૯ માસ બાદ પ્રથમ વખત કોવિડ-૧૯ ના કારણે સમગ્ર રાજયમાં એકપણ મૃત્યુ નોંધાયેલ નથી** અને કોરોનાના કેસોમાં ઉત્તરોત્તર ઘટાડો જોવા મળી રહ્યો છે. રાજયમાં આજે કોવિંડ-૧૯ ના ૩૧૬ દર્દીઓ નોધાયા છે. અને રાજયભર માંથી ૩૩૫ દર્દીઓ સાજા થયેલ છે આ સાથે રાજયનો રીકવરી રેટ ૯૭.૦૦ ટકા જેટલો છે. રાજયમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસો ના લીધે ૨,૫૩,૭૦૩ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.

★★★★★

## રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગત નીચે મુજબ છે.

| એક્ટીવ કેસ | | | ડીસ્ચાર્જ | મૃત્યુ |
|---|---|---|---|---|
| કુલ | વેન્ટીલેટર | સ્ટેબલ | | |
| ૩૪૫૦ | ૩૩ | ૩૪૧૭ | ૨૫૩૭૦૩ | ૪૩૮૭ |

## રાજ્યમાં આજ રોજ નોંધાયેલ કોવીડ-૧૯ ના કેસ અને ડીસ્ચાર્જની વિગત નીચે મુજબ છે.

| જીલ્લો/ કોર્પોરેશન | કેસ | ડીસ્ચાર્જ |
|---|---|---|
| અમદાવાદ કોર્પોરેશન | ૭૨ | ૭૬ |
| વડોદરા કોર્પોરેશન | ૬૭ | ૩૫ |
| સુરત કોર્પોરેશન | ૩૯ | ૫૦ |
| રાજકોટ કોર્પોરેશન | ૩૫ | ૪૦ |
| વડોદરા | ૧૨ | ૧૬ |
| રાજકોટ | ૧૦ | ૧૫ |
| કચ્છ | ૮ | ૧૬ |
| સુરત | ૮ | ૧૬ |
| મહેસાણા | ૭ | ૩ |
| જામનગર કોર્પોરેશન | ૬ | ૦ |
| ગાંધીનગર | ૫ | ૬ |
| જુનાગઢ | ૫ | ૫ |
| ગીર સોમનાથ | ૪ | ૦ |
| આણંદ | ૩ | ૦ |
| ભરૂચ | ૩ | ૫ |
| દાહોદ | ૩ | ૦ |
| ગાંધીનગર કોર્પોરેશન | ૩ | ૫ |
| મોરબી | ૩ | ૮ |
| સાબરકાંઠા | ૩ | ૩ |
| બનાસકાંઠા | ૨ | ૦ |
| જામનગર | ૨ | ૧ |
| જુનાગઢ કોર્પોરેશન | ૨ | ૪ |
| ખેડા | ૨ | ૪ |
| પંચમહાલ | ૨ | ૧૦ |
| સુરેન્દ્રનગર | ૨ | ૩ |
| અમદાવાદ | ૧ | ૩ |
| અમરેલી | ૧ | ૭ |
| ભાવનગર કોર્પોરેશન | ૧ | ૨ |
| છોટા ઉદેપુર | ૧ | ૦ |
| દેવભૂમિ દ્વારકા | ૧ | ૦ |
| મહીસાગર | ૧ | ૦ |
| નર્મદા | ૧ | ૦ |
| વલસાડ | ૧ | ૦ |
| બોટાદ | ૦ | ૧ |
| તાપી | ૦ | ૧ |
| કુલ | ૩૧૬ | ૩૩૫ |